# સરકાર આપને દ્વાર : ચૂંટણી માટે સરકારનો માસ્ટર સ્ટ્રોક

## આ સપ્તાહના અંતિમ ચરણમાં અધિકારીઓ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરી ૨૪ જેટલી યોજનાના લાભાર્થીઓને શોધી લાભ આપશે

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે ગ્રામીણ મતવિસ્તારોના મતદારોને ધ્યાને રાખી ''સરકાર આપને દ્વાર'' નામનો એક મહત્વાંકાંક્ષી કાર્યક્રમ અમલમાં મુકવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

૧૯૯૫થી સામાન્ય ચૂંટણીમાં મતદારોને આ વચન આપવામાં આવ્યુ હતુ હવે ચૂંટણી નજીકમાં છે ત્યારે આ વચન પરિપૂર્ણ કરવા તંત્રએ બીડુ ઝડપ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે જુદા જુદા વિભાગોની ૨૪ જેટલી યોજનાઓને અલગ તારવી અને આ સપ્તાહના અંતિમ ચરણમાં રાજ્યના ૪૦૦ થી વધુ ગામોમાં યોજનાના લાભાર્થીઓને શોધી તેમને સીધો લાભ મળે તે જોવામાં આવશે.

વર્ગ-૧ના અથવા વર્ગ-૨ ના અધિકારીઓ પસંદ કરાયેલા ગામોમાં જશે અને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરી યોજનાના લાભાર્થીઓને શોધી તેમને લાભ આપવામાં આવશે.

સચિવાલયના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રેવન્યુ, આરોગ્ય, કૃષિ, નાગરિક પુરવઠા તેમજ સમાજ કલ્યાણ વિભાગની આ યોજનાઓના લાભાર્થીઓને સર્વે દરમ્યાન શોધવામાં આવશે.

માત્ર પાંચ જ દિવસમાં આ કામગીરી પૂર્ણ કરી અને લાભાર્થીને તેના લાભ મળે તે સરકાર કક્ષાએથી સીધુ મોનીટરીંગ થશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જે ૨૪ યોજનાઓ નિયત કરવામાં આવી છે તેમાંથી ૧૦ જેટલી યોજનાઓમાં નાણાંકીય બોજ આવવાની સંભાવના છે અને આ બોજ સામાન્ય બોજ હોવાનું જણાવવામાં આવી રહ્યુ છે. લગભગ ૮ કરોડનો આર્થિક બોજ આવે તેવી સંભાવનાઓ હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

આ સર્વે માટે જે યોજનાઓ પસંદ કરવામાં આવી છે તેમાં ગંગા સ્વરૂપ યોજના, સંત સુરદાસ સહાય યોજના, ગુજરાત મેન્ટલ ડીસ એબીલીટી પેન્શન સ્કીમ યોજના, દિવ્યાંગ ઓળખ કાર્ડ, વિકલાંગ પેન્શન યોજના, ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના, સુપોષિત માતા અને સ્વસ્થ બાળ યોજના, નવીન રેશન કાર્ડ, રેશન કાર્ડની વિગતોમાં સુધારા, નવીન એનએફએસએ રેશનકાર્ડ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ કૃષિ, કિસાન ક્રેડિટ કાર્ડ પશુપાલન, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના, ઈ.શ્રમ કાર્ડ, જન્મ દાખલો, મરણ દાખલો, ડીજીટલ હેલ્થ મિશન, આધારકાર્ડ અપડેશન જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.

આ સર્વે માટે ખાસ ફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યુ છે તેમજ લાભાર્થીને તેની રસીદ પણ આપવામાં આવશે જેથી તંત્રની જવાબદેહી રહે. તંત્ર દ્વારા આ સર્વે અને તેના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્રથી પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે ઈ-સંવાદ કર્યો






ગાંધીનગર, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિદ્યા સમીક્ષા સેન્ટરની મુલાકાત લઈ અને વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શિક્ષકો સાથે સીધી વાત કરી હતી.

શિક્ષણ પ્રત્યે વડાપ્રધાનનો લગાવ જોઈ સૌ કોઈ દંગ રહી ગયા હતા. તેમણે સેન્ટરની મુલાકાત દરમ્યાન સંચાલકોને સીધો સવાલ કર્યો હતો કે શાળામાં ફિઝકલ એક્ટીવીટીનું કેમ આમાં સ્થાન નથી એ તો નવી શિક્ષણ નીતિનો ભાગ છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં બેસી વડાપ્રધાને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ઈ.સંવાદ દરમ્યાન ટેકનોલોજીની મદદથી શિક્ષક અને વિદ્યાર્થીને કેટલો ફાયદો થયો તે અંગે સવાલો કર્યા હતા. વડાપ્રધાને કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓના પોષણ પર ભાર મુક્યો હતો.

બનાસકાંઠાના દાંતાથી તેમણે ઈ.સંવાદનો આરંભ બોલ માડી અંબે જય અંબે કહી શરૂઆત કરી હતી. તેમણે બાળકના પોષણ અભિયાન પર ભાર મુકતાં એવો આગ્રહ કર્યો હતો કે બાળક પોતે જોઈ શકે અને શું આવુ જોઈએ તેમજ તે કેવી રીતે શારીરિક નબળાઈમાંથી બહાર આવી શકે તેની તેનામાં સમજ ઉભી થાય તે જરૂરી છે.

**વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતવેળાએ ફિઝીકલ એક્ટીવીટીને કેમ સ્થાન નથી : પોષણ અભિયાન પર ભાર મુકતા વડાપ્રધાન મોદી**

તેમણે વિદ્યા સમીક્ષા કેન્દ્રમાંથી આજે કરેલા ઈ-સંવાદને પગલે શિક્ષણપ્રેમી વાલીઓના દિલ જીતી લીધા હતા. તેમણે મોનીટરીંગ ક્ષેત્રે આપેલી નવી ટેકનોલોજીનો ઉપયોગ વધુ અસરકારક બને તેના પર પણ ભાર મુક્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં ૧,૪૨,૦૪૬ જણાએ આ ઈ.સંવાદ તેમજ સમીક્ષા કેન્દ્રની મુલાકાતને રૂબરૂ નિહાળી હતી. જિલ્લામાં આ કાર્યક્રમમાં ૯૨,૧૪૮ વિદ્યાર્થીઓ, ૬૦૫૪ શિક્ષકો, ૩૭,૬૫૭ વાલીઓ અને ૬૧૮૭ અન્ય લોકો જોડાયા હતા. જિલ્લાની ૧૩૦૦ શાળાઓમાં આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ થયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# મક્કમ ગતિએ આગળ વધતો પારો ૪૨ ડિગ્રી પહોચવા આવ્યો

## છેલ્લાં ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાન પણ ૨ ડિગ્રી જેટલું વધ્યું : ભેજમાં પણ વધારો થતાં ઉકળાટ વધ્યો

ગાંધીનગર, તા.૧૮

ચૈત્ર મહિનાની ગરમી નાગરિકોના અંગ દઝાડી રહી છે, આજે પણ મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી સે. રહેવા પામ્યું હતુ જ્યારે શહેરનું લઘુત્તમ તાપમાન વધીને ૨૩.૯ ડિગ્રી સે. નોંધાયું હતું. છેલ્લાં ત્રણ જ દિવસમાં લઘુત્તમ તાપમાન આશરે ૨ ડિગ્રી જેટલું ઉંચુ થઈ જવા પામ્યું છે. આ સાથે આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા હતું તે પણ સાંજ સુધીમાં ઘટીને ૨૦ ટકા રહેવા પામ્યું હતું જે છેલ્લાં ત્રણ દિવસમાં સૌથી વધુ છે.

ગાંધીનગરમાં આ વખતે ગરમીનો પારો ધીમી પરંતુ મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે. એપ્રિલ માસમાં સતત ૪૦ ડિગ્રી સે.ની આસપાસ રહેલું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પંહોચવા આવ્યું છે. આ સાથે લઘુત્તમ તાપમાન પણ ઉંચકાઈ રહ્યું હોવાથી રાત્રીના સમયે પણ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જોકે છેલ્લાં બે-ત્રણ દિવસમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું હોવાથી અત્યારથી ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે જે આગામી દિવસોમાં માવઠું થઈ શકે તેવી શક્યતાઓ તરફ નિર્દેશ કરે છે. જોકે શહેરમાં ધીમે ધીમે આગળ વધી રહેલો તાપમાનનો પારો આગામી દિવસોમાં આકરી ગરમી પડવાના સંકેત પણ આપી રહ્યો છે. હાલ તો શહેરીજનો ઘર કે ઓફિસમાં એસી તથા પંખાના સહારે છે અને સાંજે ટાઢા થવાં બરફગોળાની લારીઓ અને શેરડીના રસના કોલાથી માંડીને ઠંડાપીણાને આઈસ્ક્રીમના પાર્લરો પર ભીડ જમાવી રહ્યા છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના એક-એક કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ એક સપ્તાહ બાદ એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર શહેરમાં આવેલ જીએનએલયુમાં આજે વધુ એક વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વિદ્યાર્થીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જી.એન.એલ.યુ.માં કોરોનાના કેસોની સંખ્યા ૭૪ પર પહોંચી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. આજે વધુ ૧૮ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા ૪ દિવસમાં ૬૬ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે રિકવરી રેટ પણ ૯૮ ટકાએ પહોંચ્યો છે.

દરમ્યાન આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આજે એક કેસ કોરોનાનો નોંધાયો છે. જિલ્લાના કલોલ શહેરમાં ખાનગી નોકરી કરતા ૪૭ વર્ષીય નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# અધિકારીઓની ઉદાસીનતા સામે અધિક નિવાસી કલેકટર રિતુસિંઘ લાલઘૂમ

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લાતંત્રને અધિકારીઓ દ્વારા આપવામાં આવતા ઉડાઉ જવાબો તેમજ યોજનાઓના અમલીકરણની વિગતોની અનઉપલબ્ધતાને લઈ જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘે બરાબરનો ઉઘડો લીધો હતો.

તેમણે એક તબક્કે એવી ચેતવણી પણ આપી દીધી હતી કે વારંવાર આવુ જણાશે તો તે અધિકારી વિરૂદ્ધ સરકારમાં રિપોર્ટ કરવાની ફરજ પડશે. આ માટે તંત્રને મજબુર ના થવુ પડે તે જોવુ.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકોમાં જિલ્લાના ગ્રામીણ વિસ્તારોની મુલાકાતનું ફિડ બેક નહિ મળતુ હોવાનું, યોજનાઓના અમલીકરણની છેલ્લી વિગતો માંગવામાં આવે તો રજા છે, નીચેની કચેરીમાંથી હજુ વધુ વિગતો આવી નથી તેમ કહી વાતને ટાળવામાં આવી રહી હોવાના અધિકારીઓના વલણની તેમણે આકરી ટીકા કરી હતી. જિલ્લા ફરિયાદ નિવારણ સંકલન સમિતિમાં તેમણે પડતર ફાઈલોના નિકાલ, તુમારોનો ભરાવો ના થાય તેમજ નિયત સમયમર્યાદામાં જવાબો આપવામાં ઉદાસીનતા ખંખેરવા અને આર.ટી.આઈ.ના રજીસ્ટરો નિભાવવા માટેની સૂચનાઓ પણ આપી હતી.

# રાજ્યમાં કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદની શક્યતા

## ગુજરાતમાં ગરમીનો પારો સતત ઊંચે ચઢ્યો : બુધવારે લો-પ્રેશરને લીધે કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે અને પવન ફૂંકાઈ શકે છે

ગાંધીનગર, તા.૧૮

ઉનાળાની શરૂઆતથી જ રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. રવિવારે ૪૨.૪ ડિગ્રી સેલ્સિઅસ તાપમાન સાથે અમદાવાદ રાજ્યનું બીજું સૌથી ગરમ શહેર હતું. ૪૨.૮ ડિગ્રી સેલ્સિઅસ તાપમાન સાથે રાજકોટ ગુજરાતનું સૌથી ગરમ શહેર હતું. સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૨.૩ ડિગ્રી સેલ્સિઅસ રહ્યો હતો. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ની આગાહી અનુસાર, સોમવારે ૪૨ ડિગ્રીની આસપાસ તાપમાન રહી શકે છે. 'આગામી ચાર-પાંચ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે', તેમ હવામાન વિભાગની આગાહીમાં કહેવામાં આવ્યું છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન પ્રમાણે, ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસમાં કમોસમી વરસાદ પડી શકે છે. સુરત, ભરૂચ, વડોદરા, નર્મદા, તાપી, દાહોદ, અમરેલી અને ભાવનગરમાં કમોસમી વરસાદ પડી શકે છે. બુધવારે લો-પ્રેશર સર્જાવાને કારણે આ વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે અને પ્રતિ કલાક ૪૦થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

નિષ્ણાતોના કહેવા અનુસાર, અમદાવાદમાં વરસાદ નહીં પડે પરંતુ તેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર પશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨થી૪ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે. આગામી ૨૪ કલાકમાં મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં જોવા મળે. પંજાબ, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, રાજસ્થાનના અલગ-અલગ વિસ્તારોમાં ૧૯ એપ્રિલ સુધી હીટવેવની સ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા છે.

હવામાનની આગાહી કરતી ખાનગી એજન્સી સ્કાયમેટે ચોમાસાને લઈને ખુશીના સમાચાર આપ્યા હતા. સ્કાયમેટના પૂર્વાનુમાન અનુસાર, ૨૦૨૨નું ચોમાસુ સામાન્ય રહી શકે છે. ચોમાસાના મહિનાઓ દરમિયાન ૯૬થી ૧૦૪ ટકા વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે ૮૮૦.૬૦ મિમી વરસાદ પડે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વડાપ્રધાન ૨૩,૦૦૦ કરોડના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરશે

## ગાંધીનગરમાં શાળાઓના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જેને વિદ્યા સમીક્ષા કેન્દ્ર કહેવાશે તેની મોદીએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

પ્રધાનમંત્રી મોદી નરેન્દ્ર મોદી આજથી ૩ દિવસના ગુજરાતના પ્રવાસે છે. આગામી વિધાનસભા ચૂંટણીના વર્ષમાં પીએમ મોદીનો આ પ્રવાસ ખૂબ મહત્વનો છે. આ પ્રવાસ દરમિયાન તેઓ અનેક કાર્યક્રમમાં હાજરી આપશે અને અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ પણ કરશે. આજે સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ અમદાવાદ એરપોર્ટ પર પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. આજે સાંજે અમદાવાદ એરપોર્ટ પર પીએમ મોદીનું રાજ્યપાલ, મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ અમદાવાદ એરપોર્ટથી સીધા જ ગાંધીનગર જવા રવાના થયા હતા.

અમદાવાદ એરપોર્ટથી સીધા ગાંધીનગર ખાતે વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે પહોંચ્યા બાદ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ શિક્ષકો સાથે ઈ-સંવાદ કર્યો હતો. પીએમ મોદી દ્વારા ટેકનોલોજીથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને કેટલો ફાયદો થયો તે અંગે વિદ્યાર્થી અને શિક્ષકોને સવાલ પુછવામાં આવ્યા હતા. મોનિટરિંગ રૂમમાંથી રાજ્યના વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, બીઆરસી, સીઆરસી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વગેરે સાથે સીધો ઈ-સંવાદ કરીને શિક્ષણક્ષેત્રે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પ્રવાસના બીજા દિવસે તેઓ જામનગરમાં ડબલ્યુએચઓ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનો શિલાન્યાસ કરશે. ૨૦ એપ્રિલના રોજ, તેઓ ગાંધીનગરમાં ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટનું ઉદ્ઘાટન કરશે અને બાદમાં દાહોદમાં આદિજાતિ મહા સંમેલનમાં હાજરી આપશે અને વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આદિજાતિ મહા સંમેલનમાં બે લાખથી વધુ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. આ સિવાય તેઓ બનાસકાંઠાના દિયોદરમાં બનાસ ડેરી સંકુલમાં અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે. બનાસકાંઠામાં નવું ડેરી સંકુલ અને બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટ રૂ. ૬૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું છે. નવું ડેરી સંકુલ ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ છે. તે લગભગ ૩૦ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે. તે દરરોજ લગભગ ૮૦ ટન માખણ, એક લાખ લિટર આઈસ્ક્રીમ, ૨૦ ટન કન્ડેન્સ્ડ મિલ્ક (ખોયા) અને ૬ ટન ચોકલેટનું ઉત્પાદન કરશે.




આ સિવાય મોદી બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન પણ શરૂ કરશે. આ સ્ટેશનની સ્થાપના ખેડૂતોને કૃષિ અને પશુપાલન સંબંધિત મહત્ત્વની વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવા માટે કરવામાં આવી છે. એવી અપેક્ષા છે કે રેડિયો સ્ટેશન લગભગ ૧૭૦૦ ગામોના પાંચ લાખથી વધુ ખેડૂતો સાથે જોડાશે. પીએમ મોદીના આ ત્રણ દિવસના પ્રવાસ સાથે ભાજપ તરફથી આ ગુજરાત વિધાનસભા ચૂંટણીનો શંખનાદ હશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં આજે કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા છે તો બીજી તરફ ૩૨ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૨,૧૩,૧૨૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યાં છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીનાં કુલ ૬૨,૭૩૩ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

હાલ રાજ્યમાં કુલ ૧૦૧ એક્ટિવ કેસ છે. જો કે એક પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તો બીજી તરફ ૧૦૧ નાગરિકો સ્ટેબલ છે. ૧૨,૧૩,૧૨૭ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦,૯૪૨ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે.

આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી નિપજ્યું જે રાહતના સમાચાર કહી શકાય. આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશનમાં ૨ અને આણંદમાં ૧ અને ગાંધીનગર ૧ અને ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ કોરોના કેસ નોંધાયો છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com